ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૩.૫ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ : સવારે ૯૨ ટકા ● સાંજે ૬૩ ટકા
વરસાદ ૧૦ મી.મી.

# ધો-૮ના વિદ્યાર્થીને શિક્ષકે ધીબી નાંખ્યો

## કોલવડા પ્રાથમિક શાળામાં આચાર્યની ચેમ્બરમાં ડંડાના મારથી ઘાયલ વિદ્યાર્થી હોસ્પિટલમાં દાખલ : પોલિસ ફરિયાદ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર નજીક આવેલા કોલવડા પ્રાથમિક શાળામાં આજે ધો-૮ના એક વિદ્યાર્થીને આચાર્યની ચેમ્બરમાં લઈ જઈ શિક્ષકે ધીબી નાંખ્યો હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. વિદ્યાર્થીને બરડે સોળ પડી જતા ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીના પિતાએ શિક્ષક સામે ફરીયાદ આપતા પેથાપુર પોલિસે આ ઘટનાને ગંભીરતાથી લઈને શિક્ષક સામે ગુનો દાખલ કર્યો છે. સમગ્ર ઘટના અંગે તપાસ એસ.સી. એસ.ટી.એલ.ના ડીવાયએસપીને સોંપવામાં આવી છે.

કોલવડા ગામના વાલ્મીકી વાસમાં રહેતા જગદીશભાઈ શીવાભાઈ ચૌહાણનો દિકરો નિર્મલ કોલવડા પગાર કેન્દ્ર શાળા (પ્રાથમિક શાળા) ખાતે ધો-૮માં અભ્યાસ કરે છે. આજે સવારે કલાસરૂમમાં નિર્મલ અને અન્ય મિત્રો વાતો કરતા કે મસ્તી કરતા પકડાઈ જતા વિષય શિક્ષક હાર્દિકભાઈ ભરતભાઈ પ્રજાપતિ નિર્મલને આચાર્યની ચેમ્બરમાં લઈ ગયા હતા. આચાર્યની સામે ડંડાથી નિર્મલને માર મારતા ઈજાગ્રસ્ત નિર્મલને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયો હતો. પેથાપુર પોલિસ મથકમાં નિર્મલના પિતાએ શિક્ષક સામે ફરિયાદ આપતા પીએસઆઈ વી.બી. દેસાઈએ શિક્ષક વિરૂધ્ધ ગુનો દાખલ કર્યો છે. આ ઘટના અંગે એસ.સી.એસ.ટી. સેલના ડીવાયએસપીએ બારીકાઈથી તપાસ આરંભી છે.







## વાતવાતમાં

● ગાંધીનગરમાં આગામી તા. ૩૦મી જુનથી મહાત્મા મંદિરે 'ટેક્ષ્ટાઈલ ૨૦૧૭'નું આયોજન કરાયું છે. જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત વીવીઆઈપી મહેમાનો પધારશે. શહેરમાં પ્રવેશવાના મુખ્ય માર્ગ પર પ્રવેશદ્વાર સમા ઘ-૦ સર્કલે ટેક્ષ્ટાઈલ-૨૦૧૭ના મોટા હોર્ડિંગ પાસે જ મોટો ભૂવો પડેલો છે જે શહેરની છાપ કેવી ઉભી કરશે તેવી ચર્ચા ત્યાંથી પસાર થતા રાહદારીઓ કરી રહ્યા છે.

● ઘ માર્ગ પર સે-૩માં પ્રવેશવાના માર્ગે ગટરનું ખોદકામ કરાયું હતું. આ ખોદકામના પગલે પેદા થયેલા મોટા માટીના ઢગથી વરસાદી માહોલમાં કાદવ કિચડ થતા વાહનચાલકો અને રાહદારી નાગરિકોને પરેશાની ભોગવવી પડી રહી છે.

● સિવિલ હોસ્પિટલના ઈમર્જન્સી વોર્ડનું રીનોવેશન કરાયુ છે. આ વોર્ડમાં હવે આધુનિક સુવિધાઓનો લાભ દર્દીઓને મળશે.

## બ્રહ્માકુમારીઝના જનરલ સેક્રેટરી રાજયોગી નિર્વૈરભાઈએ લીધી ગાંધીનગરની મુલાકાત

ગાંધીનગર, તા.૨૭

વિશ્વના ૧૪૦ દેશોમાં ૮,૫૦૦ જેટલા સેવા કેન્દ્રો દ્વારા આધ્યાત્મિક સેવામાં કાર્યરત વિશ્વની એક માત્ર મહિલાઓ દ્વારા સંચાલિત અને પ્રશાસિત પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના જનરલ સેક્રેટરી રાજયોગી નિર્વૈરભાઈજી ગાંધીનગરમાં શિવશક્તિ ભવન, સેક્ટર-૨૮, ખાતે આવેલ સેવાકેન્દ્રની શુભેચ્છા મુલાકાતે આવ્યા હતા.



જ્યાં સેક્ટર-૨૮ સેવાકેન્દ્ર સંચાલિકા રાજયોગિની કૈલાશદીદી અને ઉર્જાનગર સેવાકેન્દ્ર સંચાલિકા બી.કે.રંજનબેન દ્વારા તેમનુ પુષ્પગુચ્છથી સ્વાગત-અભિવાદન કરવામાં આવ્યું હતું. ગાંધીનગરના સેક્ટ-૨૮ ખાતેના આ સેવા કેન્દ્ર દ્વારા સમગ્ર જિલ્લામાં થઈ રહેલ આધ્યાત્મિક સેવાથી તેઓ ખુબ પ્રભાવિત થયા હતા. સેવાથી આધ્યાત્મિક સુવાસ વધુ ને વધુ પ્રસરે તે માટે તેમણે યોગકક્ષની મુલાકાત લઈ ખાસ યોગદાન આપેલ. તેમને પરમાત્માની યાદમાં પવિત્ર બ્રહ્માકુમારી બહેનોએ પ્યારા શિવ બાબાની યાદમાં બનાવેલ બ્રહ્માભોજનનો ખુબ પ્રેમથી સ્વીકાર કર્યો હતો.

## વડાપ્રધાનના આગમનને પગલે સિવિલમાં બેઝ હોસ્પિટલ તૈયાર

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર શહેરના મહાત્મા મંદિર ખાતે ટેકસટાઈલ ઈન્ડિયા એકઝીબિશનની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી શહેરના મહેમાન બનવાના છે જેને પગલે સમગ્ર જિલ્લા વહીવટી તંત્ર હરકતમાં આવી ગયું છે. શહેરમાં સ્વચ્છતા પર વિશેષ ધ્યાન રાખવામાં આવી રહ્યું છે ત્યારે પગલે સિવિલ હોસ્પિટલની જવાબદારી પણ વધી જવા પામી છે. હોસ્પિટલ તંત્ર દ્વારા ટેક્સટાઈલ ઈન્ડિયામાં પધારનાર મોંઘેરા મહેમાનો માટે મહાત્મા મંદિર ખાતે ત્રણ મેડીકલ ઓફિસર સાથેની ટીમ હાજર રહેશે. ઉપરાંત એકઝીબિશન સ્થળ પર એક મેડીકલ ટીમ તંત્ર દ્વારા તૈનાત કરવામાં આવશે. જયારે સિવિલ હોસ્પિટલ ખાતે તંત્ર દ્વારા બેઝ હોસ્પિટલ ઉભી કરવામાં આવશે જેમાં તમામ વિભાગના એચઓડી હાજર રહેશે.

ગાંધીનગર શહેરમાં આગામી તા.૨૯મી જુનના રોજ વડાપ્રધાન મહાત્મા મંદિર ખાતે ટેકસટાઈલ ઈન્ડિયાના કાર્યક્રમમાં હાજરી આપવા પધારવાના છે. જેને અનુલક્ષી શહેરના તમામ વિભાગોએ તડામાર તૈયારીઓ શરુ કરી દીધી છે. શહેરને સોળે શણગારની જેમ સજાવવામાં આવી રહ્યું છે. શહેરમાં ટેકસટાઈલ એકઝીબેશનને લઈ હજ્જારો મહેમાનો ગાંધીનગર આવશે.આ વીઆઈપી મહેમાનોને કોઈપણ જાતની તકલીફ ન પડે તે માટે તંત્ર દ્વારા ખાસ તકેદારી રાખવામાં આવી રહી છે. ત્યારે ગાંધીનગર હોસ્પિટલે પણ મહેમાનોને આરોગ્યલક્ષી સેવાઓમાં કોઈ ઉણપ ન રહે તે માટે ખાસ મેડીકલ ઓફિસરની ટીમો તૈયાર કરી દીધી છે. જેમાં મહાત્મા મંદિર ખાતે ત્રણ ટીમો તેમજ એક ટીમ સે-૧૭ એકઝીબિશન હોલ ખાતે મુકવામાં આવશે. આ ટીમમાં મેડીકલ ઓફિસર, નર્સ સહિતનો સ્ટાફ તેમજ જરુરી દવાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. જયારે પ્રધાનમંત્રીના આગમનથી પ્રસ્થાન સુધી સિવિલમાં બેઝ હોસ્પિટલ કાર્યરત રહેશે. જેમાં તમામ વિભાગના એચઓડી ડોકટર્સ ઉપસ્થિત રહેશે.

## આવતીકાલે પ્રાથમિક શિક્ષકોની શરાફી મંડળીનો સુવર્ણ જયંતિ મહોત્સવ

ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળીના સુવર્ણ જયંતિ મહોત્સવનું આયોજન તા. ૨૯મી જુન ગુરુવારે સે-૧૭માં ટાઉનહોલ ખાતે બપોરે ૨ કલાકે કરવામાં આવ્યું છે. આ પ્રસંગે બેંકની ૫૦મી વાર્ષિક સાધારણ સભા પણ યોજાશે તથા મંડળી દ્વારા નિર્માણ પામેલ સોવેનિયર કમ ડીરેકટરીનું વિમોચન કરાશે. આ કાર્યક્રમમાં નિવૃત્ત શિક્ષકોનું સન્માન તેમજ સભાસદ શિક્ષકોના તેજસ્વી સંતાનોને ઈનામ વિતરણ કરાશે. કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા મંડળીના સભાસદોને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## શ્યામ શુકન ફલેટના ચોથા માળેથી પડી જતાં મહિલાનું મૃત્યુ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર-કોબા માર્ગ પર આવેલા શ્યામ શુકન રેસીડેન્સી ફલેટના ચોથા માળેથી ગઈ બપોરે અમદાવાદની ૨૭ વર્ષીય પરણિતા પડી જતા તેણીનું કરૂણ મૃત્યુ નિપજયું હતું. ઈન્ફોસીટી પોલીસે મૃતદેહ પી.એમ. કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી શંકાસ્પદ ઘટનાની બારીકાઈથી તપાસ આરંભી છે.

**અમદાવાદથી મિત્રના ઘરે આવેલી પરણિતાને ચકકર આવતા બાલ્કનીમાંથી પડી ગઈ હોવાની કેફીયત**

અમદાવાદ મેઘાણીનગરના અંબિકાનગરમાં રહેતી ૨૭ વર્ષીય પરણિતા રીના રાજેશભાઈ તાવડે ગઈ કાલે ગાંધીનગર-કોબા માર્ગ પર આવેલા શ્યામ શુકન રેસીડેન્સી ખાતે રહેતા મિત્રના ઘરે આવી હતી. બપોરના અરસામાં ફલેટના ચોથા માળે બાલ્કનીમાંથી પડી જતા રીનાને ગંભીર ઈજાઓ થવા પામી હતી. ઘાયલ રીનાને હોસ્પિટલ લઈ જવામાં આવી રહી હતી ત્યારે એમ્બ્યુલન્સમાં જ તેણીનું મૃત્યુ થઈ ગયું હતું. આ શંકાસ્પદ ઘટના અંગે ઈન્ફોસીટી પોલિસ મથકના પીએસઆઈ આર.એ. વાઘેલાએ અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતદેહ પી.એમ. કરાવી મૃતકના મિત્ર અને પતિના નિવેદનો લીધા છે. મૃતકના પતિના નિવેદન મુજબ તેની પત્નિ રીમા ઘણા સમયથી બિમાર હતી અને મિત્રને મળવા આવી હતી. તો બીજી તરફ મૃતકના મિત્રના નિવેદન મુજબ રીના બાલ્કનીમાં આવી ત્યારે ચકકર આવ્યા અને નીચે પડી ગઈ હતી. ઈન્ફોસીટી પોલિસે નિવેદનો નોંધીને ઘટનાની વધુ તપાસ શરુ કરી છે.

## સે-૮ના તેજસ્વી તારલાઓને સન્માનવામાં આવશે

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરના સેકટર-૮ વસાહત મંડળ દ્વારા આગામી તા. ૬ઠ્ઠી ઓગષ્ટે સેકટરના ધોરણ-૧ થી ૧૦માં યશસ્વી પરિણામ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને સન્માનવામાં આવશે. આ કાર્યક્રમ સેકટર-૮ના બગીચા ખાતે સાંજે ૫ થી ૭ કલાક દરમિયાન યોજાશે.

સેકટર-૮ના તેજસ્વી તારલાઓને સન્માનવાના કાર્યક્રમમાં ધો-૧ થી ધો-૧૦માં ૭૫ ટકા કે તેથી વધુ ગુણ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને સન્માનવામાં આવનાર છે. સેકટરના ૭૫ ટકાથી વધુ ગુણ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓએ તેમની વર્ષ ૨૦૧૭ના પરીણામની નકલ નામ-સરનામા સાથે વસાહત મંડળને તા. ૧૫મી જુલાઈ સુધીમાં મોકલી આપવા જણાવાયુ છે. માર્કશીટની નકલ નિલેષભાઈ પટેલ આમ્રકુંજ સોસાયટી-પ્લોટ નં. ૩૨૨/૧, વિરેન્દ્રભાઈ જાદવ એકતા ચોક પ્લોટ નં. ૩૮૨/એ-૧ અથવા મંગળદાસ પટેલ-મંગલમૂર્તિ પાર્ક પ્લોટ નં. ૩૧૨/એ-૧ ખાતે પહોંચાડવા જણાવાયું છે.

## આઈ લવ માય ગાંધીનગર



**શ્રદ્ધા પંડ્યા**

**ગાંધીનગર ગમે**
સુંદરતા અને સહૃદયી લોકો ઉપરાંત મારી શિક્ષણભૂમિ ને કર્મભૂમિ હોવાથી ગાંધીનગર મને ગમે છે.

**નગરજનો**
શિક્ષિક, સુસંસ્કૃત અને સરળ સ્વભાવના લોકો આ નગરમાં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**
કડી સર્વ વિશ્વવિદ્યાલય, જુનિયર સિટિઝન કાઉન્સિલ, સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ, રેડક્રોસ, ગાંધીનગર કલ્ચરલ ફોરમ, ગ્રો ફાઉન્ડેશન ઉપરાંત જી ઈ કલબ દ્વારા કરવામાં આવતી પ્રવૃત્તિઓ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**
યુવાવર્ગની ભૂમિકા નગરને બહેતર બનાવવા માટે વધારે ઉપયોગમાં લેવાય તો નગરને ચોક્કસપણે બહેતર બનાવી શકાય તેમ છે.

**નગર માટે હું કરી શકું**
શિક્ષણના ઉપક્રમો માટે મારી સેવા નગરને આપવા માટે હું તૈયાર છું.

## સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગર દ્વારા ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૨૭

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર દ્વારા વર્ષ ૨૦૧૭માં પાસ થયેલ ધો-૧થી ૮ના વિદ્યાર્થીઓ જેમણે ૮૦ ટકા અને ઉપર તથા ૯ થી ૧૨માં ૭૦ ટકા અને ઉપર માર્ક મેળવેલ હોય તેમજ કોલેજ-ફેકલ્ટી, ડીગ્રી, ડીપ્લોમાવાળા વિદ્યાર્થીઓએ ૬૦ ટકા અને ઉપર માર્ક મેળવ્યા હોય તેવા શહેરના તેજસ્વી તારલાઓને પ્રોત્સાહિત કરવા ઈનામ વિતરણ કાર્યક્રમનું આયોજન ૩૦-૭-૨૦૧૭ના રોજ બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન ટાઉનહોલ ખાતે કરવામાં આવ્યું છે. જેના ફોર્મ બ્રહ્મભવન સે-૧૬ ખાતેથી મેળવી પરત ભરી આપવાની છેલ્લી તારીખ ૧૨-૭-૧૭ છે જેની નોંધ લેવા બ્રહ્મસમાજ ગાંધીનગરના પ્રમુખ પીનાકીન રાવલ દ્વારા વિનંતી કરવામાં આવી છે.

## નાગરિક સંરક્ષણ એકમ દ્વારા યોગ દિન ઉજવાયો

ગાંધીનગર, તા.૨૭

નાગરિક સંરક્ષણ એકમ ગાંધીનગર દ્વારા યોગ દિન નિમિત્તે શહેરના વોર્ડનશ્રીઓ સાથે મળી જુના સચિવાલય ખાતે યોગ દિનની ઉજવણી ચીફ વોર્ડન અરુણ બુચ, ડેપ્યુટી ચીફ વોર્ડન દીક્ષીત પટેલ, ડી.વી. વોર્ડન અંજનાબેન નિમાવતના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી. કૈશલ જાની તથા સતિષભાઈ પટેલે સેવા પુરી પાડી હતી. અન્ય સ્થળો પર પણ યોગ દિન નિમિત્તે નાગરિકો ઉજવણીને ફરજ સમજી સહભાગી થયા હતા.

## રાત્રે સાત મોબાઈલો ચોરીને નીકળેલો ટાબરીયો પકડાયો

ગાંધીનગર, તા.૨૭

શહેરની સેકટર-૨૧ પોલિસ નાઈટ પેટ્રોલીંગમાં હતી ત્યારે સે-૨૧ વિસ્તારમાંથી એક ટાબરીયુ શંકાસ્પદ જણાતા પોલિસે તેને ઉભું રાખી તપાસ કરી હતી. તેની પાસેથી સાત મોબાઈલો અને એક હથોડી મળતા પોલિસ સ્ટેશન લાવવમાં આવ્યું હતું. સે-૨૧ શોપીંગમાં એક કેબીનના શટર નીચેના પથ્થરો તોડી અંદર ઘુસીને સાત મોબાઈલ ચોરી કર્યા હોવાનું ખુલ્યું હતું. સવારે કેબીન માલિકની ફરિયાદ આધારે ગુનો દાખલ કરી પોલિસે વધુ તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ ગઈ રાત્રે સે-૨૧ પી.આઈ. જતીન પ્રજાપતિની ટીમે પેટ્રોલીંગ દરમિયાન એક ટાબરીયાને

**હથોડી અને મોબાઈલો સાથે રાત્રે પકડાયેલા ૧૩ વર્ષના 'તૈયાર' ટાબરીયાએ કહ્યું 'મેં ચોરી નથી કરી, પીએસઆઈએ મારા થેલામાં મોબાઈલો મુકી દીધા હશે...!' : સે-૨૧ શોપીંગના એક કેબીનમાં ઘરફોડ કરી હતી**

શંકાસ્પદ રીતે જતા જોઈ ઉભો રાખ્યો હતો. ટાબરીયાને તપાસતા તેની પાસેથી એક હથોડી અને સાત મોબાઈલો મળી આવતા તેને પોલિસ સ્ટેશન લઈ જવાયો હતો. સવારે જે કેબીનમાંથી ચોરી થઈ હતી તે જય માતાજી ઈલેકટ્રોનીકસ નાની કેબીનના માલિક ઉમેશભાઈ હરગોવિંદભાઈ પ્રજાપતિ (રહે. બોરીજ)એ રૂ.૨૮ હજારની કિંમતના મોબાઈલ ચોરી અંગે સે-૨૧ પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. કેબીનના શટર નીચેના પથ્થરો તોડીને અંદર ઘુસી ટાબરિયાએ મોબાઈલો ચોરી કર્યા હતા. પીઆઈએ તેને સમજાવવા બલાવ્યો અને કહ્યું કે આ ઉંમરથી ચોરીના રવાડે કેમ ચઢી ગયો આ રસ્તો સારો નથી તો ૧૩ વર્ષના આ તૈયાર ટાબરીયાએ આપેલ જવાબથી પી.આઈ. પણ ચોંકી ગયા હતા. ટાબરીયાએ કહ્યું કે 'મેં ચોરી નથી કરી પીએસઆઈએ મારા થેલામાં મોબાઈલો મુકી દીધા હશે.' સે-૨૧ પીએસઆઈ બી.ડી. યાદવે ગુનાની વધુ તપાસ શરુ કરી છે.

## યુનિટી ઓફ ગાંધીનગર દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૭

યુનિટી ઓફ ગાંધીનગર દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ સેકટર-૨૪ ખાતે તા. ૨૫-૬-૧૭ના અષાઢી બીજના દિવસે સવારે ૯ કલાકે યોજાયો હતો. જેમાં ૧૦૦થી વધારે વૃક્ષો વાવી જતનની જવાબદારી સ્વીકારી ગાંધીનગરને ફરીથી ગ્રીનસીટી બનાવવા માટેનો સંકલ્પ કરાયો હતો. આ પ્રસંગે કોર્પોરેટર ધીરુભાઈ ડોડીયા, વિરેન્દ્ર જાદવ, ડૉ. નિતીન અનજાન, ડૉ. પ્રતીક ચવેલીકર, કિરણ કારોલયા, મહિપાલ પ્રભાકર, ડૉ. અમિત રાઠોડ, મયુરભાઈ મહેતા, સંદિપભાઈ જયોતિકર તથા મોટી સંખ્યામાં ભાઈ-બહેનો હાજર રહ્યા હતા.

# પેથાપુર ખાતે આરએસએસનો પ્રાથમિક શિક્ષા વર્ગ

## ઉચ્ચ શિક્ષા પ્રાપ્ત ૩૧૭ વિદ્યાર્થીઓને દેશભકિતના પાઠ ભણાવાય છે : સાત દિવસની શિબિરનું તા.૨૮મીએ સમાપન થશે

ગાંધીનગર, તા.૨૭

ભારતીય સંસ્કૃતિના સૌથી મોટા સ્વયંસેવી સંગઠન રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ દ્વારા ગાંધીનગરના પેથાપુરથી રાંધેજા તરફના મુખ્ય માર્ગે શાંતિ નિકેતન સ્કૂલમાં તા. ૨૬મી જૂનથી મહા વિદ્યાલીયન પ્રાથમિક શિક્ષા વર્ગનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિક્ષા વર્ગમાં ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત ૩૧૭ વિદ્યાર્થીઓ જોડાયા છે. જેઓની શારિરીક, બૌધ્ધિક તથા સેવાકાર્ય અંગેની તાલીમ હાથ ધરવામાં આવી રહી છે. જે કુલ ૫૨ શિક્ષકો દ્વારા આપવામાં આવી રહી છે.

રાજયભરમાંથી ઉચ્ચ શિક્ષા એટલે કે ઈજનેરી, આઈટીઆઈ, ડિપ્લોમા, વિજ્ઞાન, વાણિજય, વિનયન તથા સંચાલનમાં સ્નાતક અને અનુસ્નાતક વિદ્યાર્થીઓ શિક્ષા વર્ગમાં જોડાયા છે. વિદ્યાર્થીઓની સવારે ૫ વાગ્યાથી સઘન તાલિમ શરુ થઈ જાય છે. જે રાત્રે ૧૦.૩૦ સુધી ચાલે છે. આ તાલીમમાં શારિરીક, બૌધ્ધિક તથા સેવાકાર્યના વિવિધ કાર્યક્રમો હાથ ધરી આ વિદ્યાર્થીઓના ચારિત્ર્ય નિર્માણનું ઘડતર કરવામાં આવી રહ્યું છે. જેના થકી રાષ્ટ્રનિર્માણનો ઉદ્દેશ હાંસલ કરવા પ્રયાસ કરાય છે. પ્રાથમિક શિક્ષા વર્ગનું સમાપન તા ૨૮મી જુને કરવામાં આવનાર છે. આ શિક્ષા વર્ગમાં ૫૨ શિક્ષકો ઉપરાંત ૪૫ પ્રબંધકો દ્વારા વ્યવસ્થા સંભાળવામાં આવે છે અને શહેરના ૩૮૫૦ પરિવારો તરફથી વિદ્યાર્થીઓ માટે બપોરના ભોજનમાં રોટલી અને સાંજના ભોજન માટે ભાખરીનો સહયોગ પુરો પાડવામાં આવી રહ્યો છે. આ વ્યવસ્થાનો હેતુ સમાજને જોડી વિદ્યાર્થીમાં દેશભક્તિની ભાવના ખિલવવાનો છે.

### શહેરના ૩૮૫૦ પરિવારો રોટલી-ભાખરીનું યોગદાન આપે છે

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના મહા વિદ્યાલીયન પ્રાથમિક શિક્ષા વર્ગ માટે વિદ્યાર્થીઓના રહેવા-જમવા સહિતની વ્યવસ્થા સુચારું રીતે કરવામાં આવી છે. પરંતુ જમવાની વ્યવસ્થામાં રોટલી અથવા ભાખરી બનાવવામાં નથી આવતી પરંતુ તે વિદ્યાર્થીઓ જાતે જઈ ઉઘરાવે છે. વિદ્યાર્થીઓમાં સમાજ ભાવના ખીલે અને સમાજ દેશભકિતની પ્રવૃત્તિમાં જોડાય તે હેતુથી શહેરના ૩૮૫૦ પરીવારો દ્વારા સવારે ૧૦ રોટલી અને સાંજે ૧૦ ભાખરીનું યોગદાન આપવામાં આવે છે. રોટલી-ભાખરી માટે કોઈ નાત-જાત કે ધર્મ જોવામાં આવતો નથી અને તમામ રોટલી-ભાખરીનું સંયુકત એકત્રીકરણ કરી વિદ્યાર્થીઓને પીરસવામાં આવે છે જેથી સમાજમાં એકતાની ભાવના વધુ મજબૂત બનાવવાના સંસ્કાર વિદ્યાર્થીઓને મળે.



## ચિરવિદાય

- સ્વ. શાંતિગીરી જીવણગીરી ગોસ્વામી, ઉ.વ. ૭૯
- સ્વ. ઉમિયાબેન ત્રિભોવનભાઈ નાયી, ઉ.વ. ૮૫
- સ્વ. રણજીતભાઈ રેવનદાસ ચાવડા, ઉ.વ. ૭૩
- સ્વ. રબારી અમરબેન શંકરભાઈ, ઉ.વ. ૭૦